અપીલ અરજી નં.૨૭૮ તા.૨૭–૧૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ

સામાવાળા:– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મઘ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી (૧) ડે.કમિશ્નર (હે અને હો) શ્રી આઈ.સી.પટેલની લાયકાતની માહિતી સહિ સિકકા સહીત (૨) ડે.કમિશ્નર (હે અને હો) શ્રીહેમંત દેસાઈ સાહેબની લાયકાત ની માહિતી (૩) સ્થા. સમિતીના કયા ઠરાવ અનુસાર હાલમાં હેમંત દેસાઈ સાહેબને ડે.કમિશ્નર (હે અને હો) નો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો છે. તે ઠરાવની માહિતી સહી સિકકા સહીતની આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૮/૨૦૦૯–૧૦

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી (૧) ડે.કમિશ્નર (હે. અને હો.) શ્રી આઈ.સી.પટેલની લાયકાતની માહિતી સહિ સિકકા સહીત (૨) ડે.કમિશ્નર (હે અને હો) શ્રી હેમંત દેસાઈ સાહેબની લાયકાત ની માહિતી (૩) સ્થા. સમિતીના કયા ઠરાવ અનુસાર હાલમાં હેમંત દેસાઈ સાહેબને ડે.કમિશ્નર (હે અને હો) નો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો છે. તે ઠરાવની માહિતી સહી સિકકા સહીતની આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મઘ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૯ તા.૧૯–૧૧–૦૯ થી આપેલ માહિતી અપુરતી અને અયોગ્ય હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૬ તા.૪–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મઘ્યસ્થ મહેકમ)ને તથા અરજદારને અપૂરતી, અયોગ્ય માહિતીના દાવાના સમર્થનમાં કોઈઆધાર હોય તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૨૫ તા.૯–૧૨–૦૯ થી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૨૫ તા.૨૯–૧૦–૦૯ થી તબદીલ કર્યાના પત્રની નકલ, સા.સભાના ઠરાવ નં.૩૨૦/૨૦૦૯ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૬૩૫ તા.૯–૬–૦૯ ના ઓફિસ ઓર્ડરની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૯ તા.૧૯–૧૧–૦૯ થી અરજદારને નમુના 'ઘ' માં પૂરી પાડેલ માહિતીની નકલ, દસ્તાવેજી ફી ભર્યાની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૧૫ તા.૧૨–૧૧–૦૯ થી અરજદારને દસ્તાવેજી ફી ભરવા લખેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમના તા.૧૬–૧૨–૦૯ ના પત્રથી ડો. આઈ સી. પટેલના લાયકાતના પ્રમાણપત્રોની માહિતી આપેલ નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી (૧) ડે.કમિશ્નર (હે અને હો) શ્રી આઈ.સી.પટેલની લાયકાતની માહિતી સહિ સિકકા સહીતની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્વ ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.) ડો. આઈ સી. પટેલની પ્રથમ મેડીકલ ઓફિસર તરીકે નિમણૂંક થયા બાદ આસી. એમ.ઓ. એચ. તરીકે, ડે.એમ.ઓ. એચ. તરીકે અને ત્યાર બાદ ડે.કમિશ્નરશ્રી (હે.અને હો.) તરીકે નિમણૂંક થયેલ હતી જે ઘણા લાંબા સમયની વિગત હોવાથી તપાસ કરતાં અત્રેના રેકર્ડ ઉપરથી તેમની લાયકાત અંગેના પ્રમાણપત્ર ઉપલબ્ધ થઈ શકેલ નથી. હાલમાં તેઓ તા.૩૧–૩–૦૯ ના રોજ વયનિવૃત થયેલ છે. (૨) ડે.કમિશ્નર (હે. અને હો.) શ્રી હેમંત દેસાઈ સાહેબની લાયકાત ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.) ની જગ્યા ખાલી છે પરંતુ આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી (હે.અનેહો.) ડો. એચ.એચ. દેસાઈની લાયકાત સંદર્ભેના પ્રમાણપત્રોની નકલ સામેલ છે. (૩) સ્થા. સમિતીના કયા ઠરાવ અનુસાર હાલમાં હેમંત દેસાઈ સાહેબને ડે.કમિશ્નર (હે. અને હો.) નો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો છે. તે ઠરાવની માહિતી સહી સિકકા સહીતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ડે.કમિશ્નર (હે. અને હો.) ની જગ્યા ખાલી છે પરંતુ સા.સ.ના ઠરાવ નં.૩૨૦ તા.૩–૮–૦૯ થી ડે.કમિશ્નર (હે. અને હો.)ની જગ્યાનો ચાર્જ ડો. એચ. એસ. દેસાઈને આપવામાં આવેલ છે. એમ જણાવેલ. જયારે અરજદારે અપીલ અરજીમાં માંગેલી માહિતીની નકલ અપૂરતી અને અયોગ્ય આપેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જયારે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૬ તા.૪–૧૨–૦૯ થી અરજદાર પાસે અપૂરતી અને અયોગ્ય માહિતીના દાવાના સમર્થનમાં આધાર મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૧૬–૧૨–૦૯ ના પત્રથી શ્રી આઈ સી. પટેલ માજી. ડે.કમિશ્નર(હે અને હો. ) ની શૈક્ષણિક લાયકાત તથા જાતિ અંગેની માહિતી જાણી જોઈને ઈરાદાપૂર્વક આપી નથી. નં.આરટીઆઈ/૧૦૨૫ તા.૨૯–૧૦–૦૯ આઈ ડી નં.૮૪૮ માં શ્રી આઈ સી. પટેલ માજી. ડેપ્યુટી કમિશ્નર(હે.અનેહો.) ના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માહિતી ઈરાદાપૂર્વક આપેલ નથી. એમ જણાવેલ. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ઘ્વારા ડો. પટેલ તા.૩૧–૩–૦૯ ના રોજ નિવૃત થયાનું જણાવેલ છે તે ઘ્યાને લેતાં તેમના નિવૃતિ કાગળો પૈકી અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ વિગત આપવા પાત્ર થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ ડો. પટેલની લાયકાતને લગતી દફતરી ઉપલબ્ધ માહિતી તેમના ઉપલબ્ધ સેવા દફતરની વિગતો પરથી કલમ–૭(૬) હેઠળ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મઘ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મઘ્યસ્થ મહેકમ)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ